ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શહેરમાં ઠંડીનો આકરો મિજાજ

**મહત્તમ ૨ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૩ ડિગ્રી ગગડયુ : દિવસે પણ અસહ્ય ઠંડી અનુભવતા નગરજનો ગરમ કપડામાં લપેટાયા : રાત્રિના જનજીવનમાં આકરી ઠંડીના લીધે સન્નાટો**



ગાંધીનગર તા ૮

ગાંધીનગરમાં આજે ઠંડીનો મિજાજ વધુ ઉગ્ર બનતા લઘુત્તમ તાપમાન ૩ ડીગ્રી ગગડીને ૮.૫ પહોંચી ગયુ હતુ. જેના લીધે નગરજનોએ આક્રમક ઠંડીનો અહેસાસ કર્યો હતો.દિવસ દરમિયાન પણ અસહ્ય કોલ્ડવેવના લીધે નગરજનો ઠંડીમાં ઠુંઠવાયા હતા. આક્રમક ઠંડીના લીધે શહેરીજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. લઘુત્તમ તાપમાન ગગડવાની સાથે પવનનુ જોર પણ વધુ રહેતા ઠંડીની અસર બેવડાઈ હતી. આકરી ઠંડીના લીધે શ્રમિકોની હાલત કફોડી બની છે. રાત્રિના સમયે નગરમાં સન્નાટો છવાઈ જાય છે. મહત્તમ તાપમાન પણ અઢી ડીગ્રી ઘટતા નગરજનો દિવસે પણ ઠંડીનો ચમકારો અનુભવી રહ્યા છે.

આ વર્ષે શિયાળો વધુ આકરો પુરવાર થયો છે. છેલ્લા દોઢ મહીનાથી કોલ્ડવેવ યથાવત છે. જયારે આકરી ઠંડીના લીધે નગરજનો તોબા પોકારી ગયા છે. આજે પણ ઠંડીનો પારો ઔર ગગડતા નગરજનોએ દિવસે પણ આકરી ઠંડીનો સામનો કરવો પડયો હતો. દિવસે સુસવાટા મારતા બરફિલા પવન વચ્ચે ઠંડી વધુ અસહ્યા બની હતી. દિવસે પણ નગરજનો ઠંડીથી બેબાકળા બની ગયા હતા. દિવસ દરમિયાન પણ ઠંડીની અસર વચ્ચે નગરજનોએ કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

## કોચિંગ વિના ગાંધીનગરની અંકિતા જીપેટમાં સમગ્ર દેશમાં પ્રથમ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર-નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા પીજી ફાર્મસી એટલે કે એમ. ફાર્મમાં પ્રવેશ માટેની જીપેટ(ગ્રેજ્યુએટ ફાર્મસી એપ્ટિટયુડ ટેસ્ટ)નું પરિણામ જાહેર કરવામા આવ્યુ છે. જેમાં ગાંધીનગરની વિદ્યાર્થિની દેશમાં પ્રથમ ક્રમે આવી છે.

દેશભરની ફાર્મસી કોલેજમાં પીજી કોર્સમાં પ્રવેશ માટે લેવાતી જીપેટ પરીક્ષા આ વર્ષે પ્રથમવાર કેન્દ્ર સરકારની નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા લેવામા આવી છે. ગત ૨૮મી જાન્યુ.એ દેશભરમાં પરીક્ષા લેવાઈ હતી. જેમાં ગુજરાતમાંથી ૨ હજારથી વધુ વિદ્યાર્થી સહિત દેશભરમાંથી ૪૦ હજારથી વધુ વિદ્યાર્થીએ પરીક્ષા આપી છે.



આ વર્ષે જીપેટમાં દેશભરમાંથી અંદાજે ૪૩ હજાર વિદ્યાર્થીનું રજિસ્ટ્રેશન થયુ હતું. ગુજરાત સહિત ઘણા રાજ્યોમાં પીજી ફાર્મસી પ્રવેશ માટે જે તે રાજ્યની પ્રવેશ સમિતિ દ્વારા પોતની પણ પરીક્ષા લેવાતી હોવાથી જીપેટમાં વિદ્યાર્થીઓ ઓછા હોય છે. આજે જીપેટનું પરિણામ નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા જાહેર કરી દેવાયુ છે. જેમાં ગાંધીનગરની એલ.એમ. ફાર્મસી કોલેજની વિદ્યાર્થિની દેશમાં પ્રથમ આવી છે.

ગાંધીનગરમા રહેતી અને બીફાર્મમાં અભ્યાસ કરતી અંકિતા નીતિનભાઈ યવલકરે જીપેટની પરીક્ષામાં ૫૦૦માંથી ૩૫૨ માર્કસ સાથે ૧૦૦ પર્સેન્ટાઈલ મેળવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## છેલ્લે.. છેલ્લે..

- મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી સીવરાજસિંહ ચૌહાણ અને ભાજપના પ્રભારી ઓમ માથુર આજે ગુજરાત આવી રહ્યા છે.
- સુરતમાં પબજી ગેમ પર પ્રતિબંધ ફરમાવાયો : પોલીસ કમિશ્નરે આજે જાહેરનામુ બાહર પાડી ઓનલાઈન ગેમ પબજી પર પ્રતિબંધ મુક્યો છે.
- ગુજકેટની પરીક્ષાના ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૮મી હતી જેને ૧૬મી કરાઈ છે : અત્રે ઉલ્લેખનીય છે કે પરીક્ષા ૨૩ એપ્રિલે યોજાશે.
- કડીના આદુન્દરા પાસે કેનાલમાંથી એક યુવક અને બે યુવતીના મૃતદેહ મળી આવ્યા : બે દિવસ અગાઉ ગુમ થયેલ યુવકની શોધખોળના ભાગરૂપે એનડીઆરએફની ટીમે યુવક ઉપરાંત બે યુવતીઓના મૃતદેહ શોધી કાઢતા સમગ્ર પંથકમાં ચર્ચા જાગી છે.
- નારોલના એક મકાનમાંથી બે ટ્રક ભરીને મોરપંખ મળ્યા : વન વિભાગનુ સફળ ઓપરેશન : હજારો મોરના મોત થયા હોવાની આશંકા વ્યક્ત કરાઈ.
- વડોદરા પાસે એકાએક એમ્બ્યુલન્સ સળગી જતા ભારે દોડધામ મચી ગઈ.
- રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રયાગરાજમાં આસ્થાની ડુબકી લગાવી હતી.
- કોંગ્રેસના વર્તમાન ધારાસભ્યો કે રાજયસભાના સભ્યોને લોકસભાની ટીકીટ નહી આપવાનો નિર્ણય લેવાયો છે.
- કેટલ ફ્રી અમદાવાદ': તમામ ગાય અને ભેંસને ચિપ લગાવાશે.

## સે-૨૧ શોપિંગ સેન્ટર વિસ્તારમાં પાર્કીંગ તેમજ બગીચાની કામગીરી હાથ ધરાશે

**સાત વર્ષથી બંધ ફુવારના સ્થાને હવે પાર્કીંગ બનાવાશે**
**વિદેશી પેટર્ન પર ડિઝાઇન તૈયાર કરવામાં આવશે**

ગાંધીનગર તા ૮

શહેરના સે-૨૧ માં સ્થિત ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટરમાં છેલ્લા સાત વર્ષથી બંધ ફુવારાનો હજુ પણ નિકાલ થયો નથી. જયારે જગ્યાના અભાવ વચ્ચે પાર્કીંગની સમસ્યા વકરતી જાય છે. બીજીતરફ ફુવારાના સ્થાને પાર્કીંગ તેમજ બગીચો બનાવવાનો નિર્ણય લેવાયો છે. પરંતુ આ મામલે હજુ પણ ડિઝાઈન પણ નવેસરથી તૈયાર કરવામાં આવશે. આ સ્થિતિને ધ્યાને લઈ સેકટરના સ્થાનિક વેપારીઓએ આ પાર્કીંગ પ્લેસનુ કામ ત્વરિત હાથ ધરવા માટે પણ પ્રબળ માંગ કરી છે.

ગાંધીનગરનુ મુખ્ય શોપિંગ બજાર હાલ સમસ્યાઓથી ઘેરાયેલુ છે. સે-૨૧ ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટરમાં નતનવી દુવિધાઓના લીધે વેપારીઓ અને મુલાકાતીઓ પરેશાન છે. જયારે પાર્કીંગની સમસ્યા હાલ આ વિસ્તારની સળગતી સમસ્યા છે. પરંતુ વર્ષોના અંતે પણ આ સમસ્યાના નિકાલ માટે કોઈ આયોજન થયુ નથી. પાર્કીંગ પ્લેસ તૈયાર કરાયુ તે પણ પુરતુ નથી. જયારે હાલ પણ શોપિંગના સાંકડા સર્વિસ રોડ પર વાહનોનો ખડકલો થયેલો જોવા મળે છે. જેના લીધે ટ્રાફિક જામ સહીત માર્ગ સલામતીને સ્પર્શતા પ્રશ્નો પણ ઉઠવા પામે છે. શોપિંગ વિસ્તારમાં છેલ્લા સાત વર્ષથી ફુવારા પણ બંધ હાલતમાં છે. આ ફુવારાનો સામાન પણ ચારી થઈ ગયો છે. અગાઉ તત્કાલિન ચીફ સેક્રેટરીએ શોપિંગ વિસ્તારની મુલાકાત લીધી ત્યારે આ સ્થિતિ યોગ્ય કરવા માટે પણ તંત્રના અધિકારીઓને સુચના આપી હતી .પંરતુ આ મામલે હજુ સુધી કાંઈ થયુ નથી. સે-૨૧ શોપિંગના વચાળે સ્થિત ફુવારાના ઠેકાંણે હાલ

● અનુસંધાન પાન-૭ પર

## પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ માટે ખેડૂતો આજથી ઓનલાઈન અરજી કરી શકશે

**૨૦મી ફેબ્રુઆરી સુધીમાં ગ્રામસભાની મંજૂરી મળ્યા બાદ પ્રથમ હપ્તા પેટે રૂ. બે હજાર ખેડૂતના ખાતામાં જમા થશે**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો લાભ ખેડૂત પરિવારોને ઝડપથી પ્રાપ્ત થાય તેમજ ૩૧ માર્ચ સુધીમાં આ નિધિના પ્રથમ હપ્તાના નાણાં મળી જાય તે રીતે સુચારૂ આયોજન તૈયાર કરી દેવામાં આવ્યુ છે.

આ માટેની અરજીઓ શનિવારથી સ્વીકારવામાં આવશે. જેમાં ખેડૂતે અરજી વખતે ૭/૧૨ અને ૮-અ, આધારકાર્ડ તેમજ બેંકની પાસબુકની ઝેરોક્ષ નકલ આપવાની રહેશે. આ માટે ઓનલાઈન અરજી કરવાની રહેશે. જે અરજી જે તે ગ્રામ પંચાયત કચેરી ખાતેથી જ કરવાની રહેશે.

જિલ્લામાં ૨૦૧૫-૧૬ની ખેડૂત ખાતેદારોની ગણતરી પ્રમાણે ૧ લાખ ૩૧ હજાર જેટલા પરિવારો છે. જેઓ નાના અને સિમાંત ખેડૂતો છે.

મળતી વિગતો પ્રમાણે પંચાયતમાં મળેલ ઓનલાઈન અરજીઓ પછી ૨૦મી ફેબ્રુઆરી સુધીમાં ગ્રામસભામાં તે વંચાણે લેવાશે અને મંજૂરી મળ્યા બાદ તાલુકા કક્ષાએ મોકલવામાં આવશે.

આ અરજીઓ તાલુકા કક્ષાએથી જિલ્લાકક્ષાએ ઓનલાઈન જ ટ્રાન્સફર થશે તે પછી રાજય સરકાર અને ભારત સરકારને ૨૫ ફેબ્રુઆરી સુધીમાં મોકલી આપવામાં આવશે.

ભારત સરકાર દ્વારા આ સન્માન નિધિનો પ્રથમ હપ્તો તા. ૧-૧૨-૧૮થી ૩૧-૩-૧૯ સુધીનો રૂ ૨ હજાર લેખે ખેડૂત ખાતેદારના ખાતામાં સીધો જમા થશે.

તંત્ર દ્વારા આ માટે સંપૂર્ણ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે અને ૧૮-૧૯ ફેબ્રુઆરી સુધીમાં ગ્રામસભાઓનું આયોજન પણ કરી દેવામાં આવશે.

આજે રાજયના કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ સંજયપ્રસાદ અને અન્ય અધિકારીઓએ ખાસ માર્ગદર્શન આપતી એક વિડીયો કોન્ફરન્સ પણ યોજી હતી.

કિસાન સન્માન નિધિનો લાભ નીચેના પરિવારોને મળી શકશે નહિ તેવી સ્પષ્ટતા પણ કરાઈ છે. જેમાં પરિવારમાંથી કોઈ એક વૈદ્યાનિક પદ ધરાવતા હોય, પૂર્વ કે ચાલુ મંત્રી, રાજ્યમંત્રી, સાંસદ, ધારાસભ્ય, કોર્પોરેશનના મેયર ચાલુ કે પૂર્વ, જિલ્લા પંચાયત પ્રમુખ ચાલુ કે પૂર્વ, વર્ગ-૪ સિવાયના અને ખાનગી સંસ્થાઓ સિવાયના તમામ કર્મચારીઓ, આવકવેરો છેલ્લા એક વર્ષ દરમ્યાન ભર્યો હોય, પરિવારમાંથી કોઈ ડૉક્ટર, એન્જીનીયર, વકીલ, ચાર્ટડ એકાઉન્ટન્ટ હોય કે આર્કિટેક હોય તેવા પરિવારોનો સમાવેશ થઈ શકશે નહિ.

## જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી સ્વાઈન ફલુના વધુ ૨ કેસ મળ્યા

**અડાલજ અને ઝાંકની વૃદ્ધાઓને સ્વાઈન ફલુ પોઝીટીવ આવ્યો : કુલ કેસ ૧૩**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી સ્વાઈન ફલુના બે કેસ મળી આવેલ છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૧૩ પર પહોંચી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મળી આવેલા બન્ને દર્દી મહિલા છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકાના ઝાંકમાંથી ૭૦ વર્ષની વૃદ્ધાને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે. આ ઉપરાંત અડાલજની ૭૫ વર્ષીય મહિલાને પણ સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે.

આ બન્ને દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યાં તેમની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. તંત્ર દ્વારા દર્દીઓના રહેઠાણની આસપાસના વિસ્તારમાં સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યુ છે.

ઠંડીનું પ્રમાણ વધતાં સ્વાઈન ફલુના કેસો વધી રહ્યા છે. જિલ્લામાં નોંધાયેલા ૧૩ કેસ પૈકી ૯ દર્દીઓ સંપૂર્ણ રીતે રોગમુક્ત થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જયારે ૩ દર્દીઓ હાલ સારવાર હેઠળ છે. એક દર્દીનું મોત નીપજ્યુ છે.

જિલ્લામાં સ્વાઈન ફલુના કેસોને પગલે તંત્રએ તબીબી અધિકારીઓને શરદી-કફના દર્દીઓને કેટેગરીવાઈઝ અલગ તારવી અને સારવાર આપવા જણાવ્યુ છે. તંત્ર દ્વારા આ માટે જન-જાગૃતિ અભિયાન પણ હાથ ધરવામાં આવનાર હોવાનુ જાણવા મળેલ છે.

જિલ્લામાં આ વખતે સ્વાઈન ફલુના મહિલા દર્દીઓની સંખ્યા વધુ જોવા મળી રહી છે જે તંત્રની ચિંતાનો વિષય બન્યો છે.

### સે. ૧૫માંથી સ્વાઈન ફલુનો કેસ મળ્યો

ગાંધીનગર શહેરના સે. ૧૫માંથી સ્વાઈન ફલુનો વધુ એક કેસ મળી આવેલ છે. આ સાથે આ સિઝનમાં સ્વાઈન ફલુના કેસોની સંખ્યા ૯ પર પહોંચી છે. મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સે. ૧૫માંથી ૩૫ વર્ષીય પુરૂષને સ્વાઈન ફલુ પરીક્ષણ દરમ્યાન પોઝીટીવ જણાયેલ છે. દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્ર દ્વારા મળી આવેલ દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સના આદેશો જારી કરાયા છે. સર્વેલન્સ દરમ્યાન અન્ય કોઈ શંકાસ્પદ કેસો તાવના અને શરદી-કફના મળી આવેલ નથી. શહેરના વિવિધ સેક્ટરોમાંથી છુટા છવાયા કેસો મળી આવ્યા છે જે તંત્રની ચિંતાનો મુદ્દો બન્યા છે. અત્યાર સુધી નોંધાયેલા નવ કેસોમાંથી સે. ૩, ૨૦, ૧૪માંથી બે-બે કેસ નોંધાયા છે.

## ધોરણ-૧૨ની રસાયણ, જીવ અને ભૌતિક વિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષાની હોલ ટીકીટ બાબત

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહના રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન અને ભૌતિક વિજ્ઞાન વિષયની પ્રાયોગિક પરીક્ષા આગામી તા ૧૫ ફેબ્રુઆરી થી ૨૬ જાન્યુઆરી દરમિયાન લેવામાં આવશે. જયારે પ્રાયોગિક પરીક્ષાના પરીક્ષાર્થીઓ માટેની હોલ ટીકીટ તા ૯ ફેબ્રુઆરીના રોજ બોર્ડની વેબાસાઈટ પરથી ડાઉનલોડ કરી પ્રિન્ટ કાઢી શકાશે. પરીક્ષાર્થીઓને વિષય અંગે કોઈ વિસંગતતા જણાંય તો બોર્ડની કચેરીમાં વિજ્ઞાન પ્રવાહ શાખાનો સંપર્ક કરવા માટે પણ શિક્ષણ બોર્ડના નાયબ નિયામક મહેશ મહેતાએ જણાવ્યુ છે.


## Gujarat State Petronet Limited

Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office : GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010 Tel: +91-79-66701001 Fax: +91-79-23236477
Website: www.gujpetronet.com Email: investors.gspl@gspc.in

**EXTRACT OF STATEMENT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 31st DECEMBER 2018**

(₹ in Lakhs)

| Sr. No. | Particulars | Standalone Results | | |
|---|---|---|---|---|
| | | Quarter ended 31.12.2018 (Unaudited) | Nine Months ended 31.12.2018 (Unaudited) | Quarter ended 31.12.2017 (Unaudited) |
| 1 | Total Income from Operations(net) | 46,141.18 | 1,49,481.56 | 36,224.53 |
| 2 | Net Profit/(Loss) for the period (before Tax and Exceptional items) | 26,176.69 | 96,360.91 | 25,945.19 |
| 3 | Net Profit/(Loss) for the period before tax (after Exceptional items) | 26,176.69 | 96,360.91 | 25,945.19 |
| 4 | Net Profit/(Loss) for the period after tax (after Exceptional items) | 17,355.35 | 64,134.99 | 18,156.18 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit/(Loss) for the period after tax and Other Comprehensive Income (after tax)] | 17,261.82 | 63,986.19 | 18,204.45 |
| 6 | Equity Share Capital(face value of Rs. 10/- each) | 56,395.50 | 56,395.50 | 56,380.86 |
| 7 i. | Earnings per share(EPS) before Extraordinary items | | | |
| | a) Basic EPS( Rs.) | 3.08 | 11.37 | 3.22 |
| | b) Diluted EPS( Rs.) | 3.08 | 11.37 | 3.22 |
| | (face value of Rs. 10/- each) | | | |
| 7 ii. | Earnings per share(EPS) after Extraordinary items | | | |
| | a) Basic EPS( Rs.) | 3.08 | 11.37 | 3.22 |
| | b) Diluted EPS( Rs.) | 3.08 | 11.37 | 3.22 |
| | (face value of Rs. 10/- each) | | | |

**Notes: 1**. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI(Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites (www.nseindia.com and www.bseindia.com) and Company's website (www.gujpetronet.com). **2**. The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors of the Company in its meeting held on 8th February, 2019. **3.** The above results are in accordance with the Indian Accounting Standards(Ind-AS) as prescribed under Section 133 of the Companies Act, 2013, read with the relevant rules issued thereunder and other accounting principles generally accepted in India. Accordingly, previous period's figures have been reclassified/regrouped/restated, wherever necessary.

For and on behalf of Gujarat State Petronet Limited
Dr. J. N. Singh, IAS
Managing Director

Place: Narmada
Date: 8th February, 2019



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ફક્ત ૧૦ મીનીટમાં પાસપોર્ટ ફોટા
₹ ૫૦/- માં 08 પાસપોર્ટ ફોટા
• Videography • Photography, • Editing Work • Ad Film, • Documentary Film, • Short Film, • Online Marketing
Red Smile Entertainments
We entertain with smile to make you smile
Call - 88 66 3235 67 | WhatsApp - 72 72 8892 51
SHOP NO. 104, FIRST FLOOR, PRARAMBH PLAZA, SECTOR NO. 6/A, GANDHINAGAR - 382006

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com